
# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૦



જેને ભવભ્રમણથી ખરેખર છૂટવું છે તેણે પરદ્રવ્યથી પોતાની ભિન્નતાનો નિર્ણય કરીને, પોતાના ધ્રુવસ્વભાવનો મહિમા લાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* હે જીવ! તું ઘણું પઢ્યો....પઢી–પઢીને તાળવું પણ સૂકાઈ ગયું, છતાં તું મૂર્ખ જ રહ્યો. એના કરતાં તો એક જ અક્ષરને પઢ કે જેનાથી શિવપુરીમાં ગમન થાય. ૧૧૯૦.
*(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૯૭)*

* પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને જાણપણું તો એકસરખું હોય છે છતાં સમ્યક્‌પણું અને મિથ્યાપણું નામ શા માટે પામ્યું?

ઉત્તર :—સમ્યગ્દષ્ટિને મૂળભૂત જીવાદિ પદાર્થોની ખબર છે તેથી જેટલાં ઉત્તર પદાર્થો (વિશેષ પદાર્થો) જાણવામાં આવે તે બધાને યથાર્થપણે સાધે છે તેથી સમ્યગ્દષ્ટિના જ્ઞાનને સમ્યક્‌રૂપ કહ્યું છે. મિથ્યાદષ્ટિને મૂળ પદાર્થોની ખબર નથી તેથી જેટલા ઉત્તર પદાર્થો જાણવામાં આવે તે સર્વને અયથાર્થરૂપ સાધે છે તેથી મિથ્યાદષ્ટિના જ્ઞાનને મિથ્યારૂપ કહીએ છીએ. ૧૧૯૧.
*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, શ્લોક–૩૫)*

* દીવા વગર લોકો ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ઘરમાં ભરેલા અંધકારને ટાળી શકતા નથી; પણ એક નાનકડી વાટ સળગાવતાં તત્ક્ષણે જ તે અંધકાર દૂર થઈ જાય છે; તેમ જ્ઞાનપ્રકાશ વડે જ અજ્ઞાન-અંધકાર દૂર થાય છે, બીજા કોઈ ઉપાયથી નહીં. ૧૧૯૨.
*(શ્રી નેમિશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૮૯)*

* પરમેશ્વર તો વીતરાગ છે. ભક્તિ કરવાથી પ્રસન્ન થઈ તે કાંઈ કરતાં નથી પણ ભક્તિ કરતાં જે મંદ કષાય થાય છે તેનું સ્વયં જ ઉત્તમ ફળ થાય છે હવે કરણાનુયોગના અભ્યાસમાં તેનાથી (ભક્તિથી) પણ અધિક મંદકષાય થઈ શકે છે તેથી તેનું ફળ અતિ ઉત્તમ થાય છે. વળી વ્રત–દાનાદિક તો કષાય ઘટાડવાના બાહ્ય નિમિત્ત–સાધન છે અને કરણાનુયોગનો અભ્યાસ કરતાં ત્યાં ઉપયોગ જોડાઈ જાય ત્યારે રાગાદિક દૂર થાય છે તેથી તે અંતરંગ નિમિત્ત સાધન છે માટે તે વિશેષ કાર્યકારી છે. ૧૧૯૩.
*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.–૮, પાનું–૨૯૨)*

* જેમ દૃઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તથાપ્રકારે સમજ્યો છે તથા વાસ્તવિક આત્મશાંતિનો કોઈ અંશે અનુભવ થયો છે, તે પુરુષને રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પ્રાપ્ત થતો નથી. ૧૧૯૪.
*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા–૨૦૪)*

વર્ષ-૫
અંક-૩




સંવત
૨૦૬૬
November
A.D. 2010

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# સ્વભાવની ભાવના કરી, વિભાવની ભાવના છોડો

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૫૪)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૧૩ ગાથા છે.

અહીં જે લોભકષાયનો દોષ કહ્યો છે તે જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ વિનાના જીવોના લોભની વાત છે કેમ કે જ્ઞાનીને લોભ છે પણ લોભનો લોભ નથી. ચારિત્રની અસ્થિરતાના કારણે લોભ થાય છે પણ તે 'લોભ' લોભનો નથી કેમ કે તેને ભાવના તો જ્ઞાનાનંદસ્વરૂપની છે. ભાવના એટલે જ્ઞાનીને જે શુદ્ધસ્વરૂપ તરફની સાવધાની થઈ છે તે તરફ જ નિરંતર એકાગ્રતા રહે છે. તેથી ધર્મીને લોભની ભાવના નથી અને લોભમાં ઠીક છે–ભલો છે એવી બુદ્ધિ નથી અને લોભની કર્તાબુદ્ધિ નથી. તેથી ધર્મીના લોભની અહીં વાત નથી. ધર્મીના લોભને લોભ કહેવાતો નથી.

ભાવાર્થ :—લોભકષાય રહિત જે પરમાત્મસ્વભાવ, તેનાથી વિપરીત આ ભવ, પરભવનો લોભ, ધન ધાન્યાદિકનો લોભ તેને તું છોડ! આ ભવ પૂરો થાય ત્યાં સુધી મને અનુકૂળતા રહે, બીજા ભવમાં સ્વર્ગ આદિ મળે એવો જે લોભ છે તે આત્માની શાંતિને લૂંટનારો છે. ધન ધાન્યાદિનો પણ લોભ છોડીને શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવની ભાવના કર! એવો આ ગાથાનો ભાવ છે.

વીતરાગ વિજ્ઞાનઘનસ્વરૂપ આત્માની ભાવના કર! જે જીવો લોભ કરે છે તે જીવો ભવ ભવમાં દુઃખ પામે છે એ તો તું જોઈ રહ્યો છો. જ્ઞાનાનંદસ્વરૂપની ભાવનાને ભૂલીને

જીવો લોભાદિ કષાયથી દુઃખી થઈ રહ્યા છે. જ્યાં મિથ્યાદર્શન છે ત્યાં જ આવા લોભ આદિ દોષ છે અને તેનાથી જીવો દુઃખી છે એમ તું દેખ! આત્માની દૃષ્ટિ, અનુભવ ને એકાગ્રતા વિના કોઈને સુખ નથી એમ દેખ! અબજોપતિ હોય કે સાધારણ હોય પણ ધન આદિ ભેગું કરવાની અને તેને સાચવવાની અને વધારવાની વ્યવસ્થા કરવાનું જ એનું ધ્યેય હોય છે, તેની પાછળ હેરાન હેરાન રહે છે. ખાવા-પીવાનો પણ સમય હોતો નથ. અરે! બાપ સાથે વાત કરવાની પણ નવરાશ હોતી નથી. લૌકિકમાં મા-બાપનો કેટલો આદર અને વિનય હોવો જોઈએ! તેને બદલે એને વાત કરવાનો પણ ટાઈમ નથી. આવું તે હોય! મા-બાપ ક્યાંથી મળે! પૈસાથી મા-બાપ મળે છે!

સમ્યગ્દૃષ્ટિને લોભ થાય છે તે ખરેખર લોભ છે જ નહિ કેમ કે લોભનો લોભ નથી, રાગનો રાગ નથી. વિષયની વાસના થાય છે પણ તેની રુચિ નથી. એને પ્રેમ છે આત્માના આનંદનો, જ્ઞાનમૂર્તિ આનંદમૂર્તિ આત્માનો એટલો પ્રેમ છે કે તેની પાસે વિષય આદિનો પ્રેમ આવતો જ નથી. આનંદપ્રભુ આત્માની જ પ્રીતિ કરવા જેવી છે, તેની જ રુચિ કરવા જેવી છે, તેમાં જ ઠરવા જેવું છે, તેની જ લાલસા કરવા જેવી છે, તેને બદલે બહારના પ્રેમમાં પડ્યો છે તેના લોભકષાયની અહીં વાત છે.

લોભી બધા દુઃખી છે એ તું બરાબર નક્કી કર! બહુ પૈસાવાળા હોય તે પણ બધા દુઃખી છે એમ તું જાણ! પૈસા વધ્યા તેથી આત્મામાં શું વધ્યું! નિર્લોભ ભગવાન આત્માના એક ક્ષણના અનુભવ પાસે આખી દુનિયા જ્યાં તરણાં તુલ્ય લાગે છે, ઈન્દ્રના ઈન્દ્રાસન ઉકરડાં જેવા લાગે છે ત્યાં ધનની શી કિંમત! માટે, તું સ્વભાવની દૃષ્ટિ અને ભાવના વિનાના અજ્ઞાનીને ભવ ભવમાં દુઃખી દેખ! સંયોગના અભાવે તે દુઃખી છે એમ ન દેખ!

અજ્ઞાની આકુળતામાં સળગી રહ્યો છે. આકુળતામાં એને ઊંઘ પણ ન આવે. એક શેઠિયો કહેતો હતો કે એક મોટા ઓરડામાં ૧૨ ફૂટનું મોટું ગાદલું હતું તેમાં હું સૂતો હતો પણ જીવ એવો વિચારે ચડી ગયો કે આખી રાત ઊંઘ જ ન આવી. આમથી તેમ તરફડ્યો પણ....આ દીકરા માનતા નથી, આબરૂમાં ધક્કો લાગી ગયો છે, છોકરી રાંડી છે એવી એવી કલ્પનાની હોળીમાં ઊંઘ શેની આવે? મન ઠરે ક્યાંથી? એને બાર ફૂટની પથારી શું કરે? અમને દુનિયા સુખી કહે છે પણ ધૂળેય સુખ નથી—એમ એ વાત કરતો હતો.

ખરેખર એ સંયોગથી દુઃખી નથી પણ એક પછી એક કલ્પનાની જાળમાં એના મનને શાંતિ મળતી નથી તેથી એ દુઃખી છે. પોતાના આત્માની શાંતિ વિનાના આવા બધા

પ્રાણી દુ:ખી છે એમ દેખ! એમ કહે છે. તારા સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાનની ભાવના આગળ આવા લોભી પ્રાણીને તું દુ:ખી દેખ! એનો અર્થ એ કે તું સુખી છો એમ તને દેખ! તારા સ્વરૂપમાં સુખ અને શાંતિ છે.

'ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતરમુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'

એ બધી મોહના વિકલ્પની જાળ અંતરમાં શીતળ શાંત ભગવાનને જોતાં જ વિલય થઈ જાય છે, વાર લાગતી નથી. માટે, આવા ભગવાનને તું જો અને લોભી પ્રાણીને દુ:ખી દેખ! તારા આત્માને તું સુખી દેખ! સમજાણું કાંઈ!

હવે લોભકષાયનાં દોષને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે

तलि अहिरणि वरि घणडणु संडस्सय लुंचोडु।
लोहहँ लग्गिवि हुयवहहँ पिक्खु पडंतउ तोडु॥११४॥

અર્થ :—જેમ લોઢાનો સંબંધ પામીને 'અગ્નિ', નીચે રાખેલા એરણ ઉપરથી ઘણના ઘા, સાણસાથી ખેંચાવું, ઘાથી તૂટવું ઈત્યાદિ દુ:ખોને સહે છે એમ જો! લોઢાના સંગે અગ્નિ આવા મારને સહન કરે છે.

આ અગ્નિના દૃષ્ટાંતે ચૈતન્યજ્યોતનું દુ:ખ બતાવવું છે. જેમ લોકમાં અગ્નિ દેવતા તરીકે પ્રસિદ્ધ છે છતાં લોખંડમાં પેસવાથી તેને પણ દુ:ખ સહન કરવું પડે છે, તેમ લોભના કારણે પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત આત્માની ઘનઘાતની જેમ, નરકાદિ દુ:ખોને લાંબા સમય સુધી ભોગવે છે. જો લોભ ન કરે અને આત્મભાવના કરે તો તેને દુ:ખ શા માટે ભોગવવું પડે! પરમાત્મસ્વરૂપની ભાવના એટલે પરમાત્મસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા; તેનાથી રહિત મિથ્યાદૃષ્ટિની જ આ વાત છે. અસ્થિરતાજન્ય દોષની વાત નથી કેમ કે દર્શનભ્રષ્ટ છે તે જ ભ્રષ્ટ છે, ચારિત્રભ્રષ્ટને તો ખ્યાલ છે કે આ દોષ છે તે પુરુષાર્થ કરીને ટાળવો પડશે. અજ્ઞાનીને તો દોષનું પણ ભાન નથી કે આ દોષ છે અને હું તેનાથી દુ:ખી છું.

પરમાત્મભાવના એટલે કલ્પના નહિ પણ શુદ્ધસ્વરૂપ નિજ આત્માની દૃષ્ટિની એકાગ્રતા, જ્ઞાનની એકાગ્રતા અને સ્વરૂપાચરણની એકાગ્રતા એ જેને નથી એવા મિથ્યાદૃષ્ટિ જ આત્માની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતાથી રહિતપણે મિથ્યાત્વાદિ દોષો વડે અગ્નિની જેમ નરકાદિ દુ:ખોને બહુકાળ સુધી ભોગવે છે. એ દુ:ખો કેવા છે તેનો નમૂનો અહીં નજરે

તો જોવા ન મળે પણ તે દુઃખને સમજવા દૃષ્ટાંત લઈએ તો એક પાંચ-પચીસ કરોડનો આસામી તાલુકાદાર રાજકુમાર હોય, ૨૫ વર્ષનો યુવાન હોય, સુંદર શરીર હોય, નીરોગ હોય, રોગની આગાહી પણ જેમાં નથી એવા સુંદર શરીરવાળો અને સવારે જ જેના લગ્ન થયા હોય, હાથમાં મીંઢોળ બાંધેલો હોય તે રાજકુમારને જમદેશપુરની તાતાની ભઠ્ઠીમાં નાંખે અને જે પીડા થાય તેનાથી અનંતગુણી પીડા પહેલી નરકના નારકીને ક્ષણે ક્ષણે ભોગવવી પડે છે અને તે પણ ઓછામાં ઓછી દસ હજાર વર્ષ તો ભોગવવી જ પડે.

સ્વરૂપના ભાવથી વિપરીત વિકારીભાવના ફળમાં આ દશા છે. દુઃખ....દુઃખ....ને દુઃખ જ. વિકારીભાવમાં જ ખરેખર દુઃખ છે. સંયોગમાં દુઃખ નથી. (સંયોગથી દુઃખનું માપ અપાય છે.) નરકની ઓછામાં ઓછી સ્થિતિ દસ હજાર વર્ષ છે પણ વધારેમાં વધારે સ્થિતિ તો પહેલી નરકમાં ૧ સાગરની છે. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય છે અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય છે. અરે! એણે દુઃખનો વિચાર પણ કર્યો નથી, હું કેટલો જૂનો અનાદિનો છું, કેટલા કાળથી દુઃખ જ ભોગવતો આવ્યો છું, એણે કદી વિચાર જ કર્યો નથી.

અહા! પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત, મિથ્યાદૃષ્ટિ જીવ ઘનઘાત સમાન નરકાદિ દુઃખોને ઘણા કાળ સુધી ભોગવે-છે. અરે! આ પશુ પણ જુઓ ને! રસ્તામાં વાહન નીચે કેટલાં દેડકાં આદિ જીવો કચરાઈ જાય છે! ભૂકા બોલી જાય છે. આપણા નાનાલાલભાઈની દીકરીનો દીકરો પરદેશમાં મોટરસાઈકલમાં બેસીને જતો હતો ત્યાં પાછળથી કેરીયરનો ધક્કો લાગ્યો એટલે ઉડી પડ્યો ત્યાં ને ત્યાં ખલાસ થઈ ગયો. એકનો એક દીકરો હતો. સમાચાર આવ્યાં.... આંખમાંથી આંસુ જતાં હતાં. આવી દશા અનંતવાર આ જીવની થઈ છે.

જીવ અનાદિનો છે અને કાળ પણ અનંત છે. જીવના ઊંધા ભાવ પણ અનંત છે. અનાદિથી જીવ સંસારમાં ઊંધા ભાવ કરી કરીને લોકનાં અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં એક એક ક્ષેત્રમાં અનંતવાર જઈ આવ્યો છે. અનાદિથી જીવની અસ્તિ છે...છે....છે એનો વિચાર કરે તોપણ એની દૃષ્ટિ અંદરમાં જાય કે આહાહા! મારી વસ્તુ કેવી અને તેના ભાન વિના હું ક્યાં ક્યાં રખડ્યો! બહુ બહુ દુઃખ ભોગવ્યા.

એકવાર રાજકોટમાં જોયું હતું, એક છોકરો પીંજરામાં ઉંદરડો પકડીને લાવ્યો હતો અને કૂતરું બેઠું હતું એની સામે પીંજરું ખોલ્યું....પાલેજમાં બાજુની દુકાનવાળા ઉંદરને પીંજરામાં પકડીને ઉપરથી ગરમ પાણી એના ઉપર રેડતાં હતાં....સંસારની સ્થિતિ આવી

જ અનાદિથી ભજી રહી છે. આ તો સંયોગથી દુઃખની વાત કરી પણ અનાકુળ ભગવાન આત્માની દૃષ્ટિ વિના આકુળતાના પ્રસંગો તો અનંતવાર ભજ્યા છે. એક મહેમાન કોઈ આવ્યા હતા. અહીં બેઠાં હતા, પછી કહેતાં હતા કે અહીં તો પંખા નથી, ગરમી લાગે છે. કીધું અહીંયા પંખા ન હોય ભાઈ! અહીં તો ધર્મ સાંભળવો છે કે પંખાની હવા ખાવી છે! ભાઈ! શાસ્ત્રના સત્‌ના શ્રવણ કરવા, ત્યાં પંખા નાખવા એ તો અવિનય છે કે નહિ? હવા સરખી આવે તો સાંભળવામાં મન બરાબર રહે...એમ માને....પણ ધૂળેય એમ નથી. મોટા પંડાલમાં પંખા નાંખે જ છે. મુંબઈ વગેરે ઠેકાણે....પણ ખરેખર શાસ્ત્રના શ્રવણમાં સગવડતાનું લક્ષ ન હોવું જોઈએ. પ્રભુ શું કહે છે એનું શ્રવણ, ગ્રહણ ને ધારણ થવું જોઈએ. કેટલો વિનય હોવો જોઈએ!

હવે આગળ સ્નેહનો ત્યાગ બતાવે છે. સ્નેહ એટલે પ્રેમ.

जोइय णेहु परिच्चयहि णेहु ण भल्लउ होइ।
णेहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ॥११५॥

અર્થ :—હે યોગી! રાગાદિ રહિત વીતરાગ પરમાત્મપદાર્થના ધ્યાનમાં સ્થિત થઈને સ્નેહ અર્થાત્ પ્રેમને છોડ કેમ કે સ્નેહ સારો નથી. સ્નેહમાં લાગેલા સમસ્ત સંસારીજીવો અનેક પ્રકારે શરીર અને મનના દુઃખને સહી રહ્યા છે તેને તું જો! સંસારી જીવો સ્નેહરહિત એવા શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત છે. તેથી અનેક પ્રકારના દુઃખ ભોગવે છે. દુઃખનું મૂળ એક દેહાદિનો સ્નેહ જ છે.

જુઓ! સીધી એ જ વાત કરી છે કે ભગવાન આત્મા સ્નેહના પરિણામથી રહિત છે. વસ્તુસ્વરૂપમાં રાગના વિકલ્પનો અભાવ છે. માટે તેના ધ્યાનમાં એકાગ્ર થઈને તું સ્નેહને છોડ! કેમ કે સ્નેહ છે તે જ્ઞાનનો વૈરી છે. એક આત્માના ધ્યાનમાં લીન થતાં જ એ વૈરીનો નાશ થઈ જાય છે અર્થાત્ સ્નેહ ઉત્પન્ન જ થતો નથી.

णेहु ण भल्लउ होइ એટલે સ્નેહ ભલો નથી, અશુદ્ધ છે. પોતાનો વીતરાગસ્વભાવ અને વીતરાગ પરિણામ જ ભલા છે. બાકી રાગ કે દ્વેષ કોઈ ભલા નથી. શુભ અને અશુભ કોઈ ભાવ ભલા નથી. તેથી સ્નેહમાં લાગેલા બધા સંસારીજીવો અનેક પ્રકારે શરીર અને મનના દુઃખ ભોગવી રહ્યાં છે તેને તું જો! જેટલો પરમાં પ્રેમ છે એટલું દુઃખ છે અને જ્યારે સ્વમાં પ્રેમ કરશે ત્યારે જ સુખ થશે.

પરમાનંદમૂર્તિ એવા શુદ્ધાત્મ સ્વભાવની ભાવનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય પણ

સંસારીજીવને શુદ્ધાત્મતત્ત્વની ભાવના નહિ હોવાથી અનેક પ્રકારે દુ:ખ ભોગવે છે. દુ:ખનું મૂળ એક દેહ આદિનો સ્નેહ જ છે. લ્યો! જુઓ! આ શું લખ્યું છે? શરીરનો પ્રેમ જ એને દુ:ખી કરે છે. દેહની સાથે સ્ત્રી, પુત્ર, આબરૂ, કીર્તિ, લક્ષ્મી વગેરે બધા આવી જાય. દેહાદિનો સ્નેહ દુ:ખનું મૂળ અને સુખનું મૂળ પોતાના પરમાત્મસ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન અને સ્થિરતા છે.

ભાવાર્થ :—આ ગાથાનો સારાંશ એ છે કે ભેદાભેદરત્નત્રયરૂપ મોક્ષમાર્ગથી વિમુખ થઈને મિથ્યાત્વ રાગાદિભાવોમાં સ્નેહ ન કરવો.

અભેદરત્નત્રય એટલે પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટેલી દૃષ્ટિ-જ્ઞાન અને ચારિત્રરૂપ નિર્વિકલ્પ અભેદ પરિણતિ અને તેની સાથે રહેલી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રત આદિ શુભરાગની પરિણતિને ભેદરત્નત્રય કહેવાય છે. જ્યાં અભેદરત્નત્રય છે ત્યાં નિમિત્તરૂપ ભેદરત્નત્રય પણ સાથે હોય છે એમ પ્રમાણજ્ઞાન કરાવીને ભેદાભેદરત્નત્રય તે મોક્ષનો માર્ગ છે એમ કહેવામાં આવ્યું છે. આવા રત્નત્રયવંત સમ્યગ્દૃષ્ટિને છ ખંડનો રાગ થાય છતાં એ રાગ તેનો નથી. તેનો તો શુદ્ધ ચિદાનંદ સ્વભાવ જ એનો છે. રાગ કે વ્યવહાર કે નિમિત્ત કોઈ એના નથી. એનો તો અનંતગુણનો નાથ એ જ સમ્યગ્દૃષ્ટિની પૂંજી છે.

પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવા દ્રવ્યમાં દૃષ્ટિ મૂકીને તેમાં એકાગ્રતા કરવા જેવી છે. પર તરફનો લોભ તો બધો છોડવા જેવો છે. તેથી સારાંશ એ કહ્યો કે મિથ્યાત્વ અને રાગાદિમાં સ્નેહ ન કરવો.

'ભરતેશ વૈભવ'માં ભરત અને તેના પુત્રોની ચર્ચા આવે છે. ભરત કહે છે કે વ્યવહારરત્નત્રય તો મુક્તિનો માર્ગ છે. ત્યારે પુત્રો કહે છે પિતાજી! આ તમે શું બોલ્યા? તમે અભેદરત્નત્રયને મુક્તિનો માર્ગ કહેતા હતા ને હવે ભેદરત્નત્રયને મુક્તિમાર્ગ કહેવા લાગ્યા? ભરત કહે છે અરે! દાદા ઋષભદેવના દર્શન, ભક્તિ આદિથી મુક્તિ ન થાય? તમે તમારા મામા કન્યા આપવા આવ્યા છે તેના પક્ષમાં આવીને બોલતા લાગો છો. ના પિતાજી! અમે સત્ય કહીએ છીએ. અભેદરત્નત્રયથી જ મુક્તિ છે. સાથે શુભરાગ હોય તેની ના નથી.....

ત્યારે ભરત કહે છે પુત્રો! તમારી વાત સાચી છે. હું તો તમારી પરીક્ષા કરતો હતો. રત્નાકર વર્ણીએ ભરતેશ વૈભવમાં આવી ચર્ચા મૂકી છે.

અહીં કહે છે કે જ્યાં સુધી આ જીવ જગતથી સ્નેહ ન કરે ત્યાં સુધી સુખી છે

અને જે સ્નેહ સહિત છે, જેનું મન સ્નેહથી બંધાઈ ગયું છે તેને બધી જગ્યાએ દુઃખ જ છે. "तावदेव सुखी जीवो यावन्न स्निह्यते कचित् । स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे ॥" એક તરફ રામ છે અને એક તરફ ગામ છે. અનંતગુણનો પિંડ પ્રભુ આત્મારામ છે અને શુભભાવથી માંડીને આખું જગત ગામ છે. ગામનો પ્રેમ ન કરે તે રામનો પ્રેમ કરે અને રામનો પ્રેમ ન કરે તે રાગાદિ નિમિત્તનો પ્રેમ કરે અને વિકારમાં એકત્વ કરનાર જ્યાં જાય ત્યાં એકત્વબુદ્ધિના કારણે દુઃખી જ થાય છે. નરકમાં હોય તો દુઃખી, રાજમાં હોય તોપણ દુઃખી અને સમવસરણમાં વાણી સાંભળવા બેઠો હોય તોપણ એ જીવ દુઃખી છે અને જેને ભગવાન આત્માનો પ્રેમ થયો છે તે જ્યાં હોય ત્યાં સુખી છે. વિપરીત ભાવવાળો જીવ બધે દુઃખી થાય છે અને આત્માનંદની પ્રીતિવાળો જીવ બધે સુખી છે એમ તું જો! સમજાણું કાંઈ!

હવે સ્નેહનો દોષ દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે.

जलसिंचणु पय-णिद्दलणु पुणु पुणु पीलण-दुक्खु।
णेहहँ लग्गिवि तिल-णियरु जंति सहंतउ पिक्खु ॥११६॥

અર્થ :—જેમ તલનો સમૂહ સ્નેહ એટલે ચિકણાઈના સંબંધથી પાણીમાં ભીંજાવું, પગથી કચરાવું, ઘાણીમાં વારંવાર પીલાવું વગેરે દુઃખ સહન કરે છે.

તલમાં એકેન્દ્રિય જીવ હોય છે (ઘઉં, બાજરો, મરચાના બી વગેરે બધામાં એકેન્દ્રિય જીવ હોય છે). તે તલના ઢગલાને પહેલાં તો પાણીથી ભીના કરવામાં આવે છે પછી પગથી ખૂંદવામાં આવે છે પછી ઘાણીમાં નાંખીને વારંવાર પીલવામાં આવે છે ત્યારે તે જીવોને કેટલું દુઃખ થતું હશે એ તું જો તો તને ભાઈ! આનંદસ્વરૂપ ભગવાનની રુચિ કરવાનો ભાવ થશે.

ભાવાર્થ :—ચીકાશના સંબંધથી તલને ઘાણીમાં પાલીવું પડે છે તેમ પંચેન્દ્રિયના વિષયમાં આસક્ત મોહી જીવોને દુઃખ સહેવું પડે છે એમાં કોઈ સંદેહ નથી. અંતરદૃષ્ટિ વિના જીવો વિષયોમાં જ આસક્ત રહે છે. પ્રવચનસારની ૨૩૬ ગાથાની ટીકામાં અમૃતચંદ્ર આચાર્યદેવે આ મહા સિદ્ધાંત મૂક્યો છે કે તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે તેને સંયમ હોઈ શકતો નથી કારણ કે સ્વ-પરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરતા એ જીવો પોતાને વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે તેને રાગમાં એકત્વ છે, તેને દૃષ્ટિમાંથી અકષાય ભગવાન છૂટી ગયો છે અને કષાયમાં એકત્વબુદ્ધિ છે તેથી એ દુઃખી જ છે. નીચે ફૂટનોટમાં ખુલાસો

કર્યો છે કે જે જીવોને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો સંયોગ ન દેખાતો હોય તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી. હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.

રાગના એક અંશનો પ્રેમ અને અભિલાષા છે તેને સ્વભાવનો પ્રેમ અને અભિલાષા નથી તેથી તેને પંચેન્દ્રિય વિષયોની અભિલાષા વર્તે છે. એ બહારથી કદાચ બ્રહ્મચારી અને નિવૃત્ત હોય પણ દેહની ક્રિયા હું કરી શકું અને મેં તેને અટકાવી છે એમ દેહમાં એકત્વબુદ્ધિ છે તે જીવ છકાયનો ઘાતક છે. એ જીવ જરાય નિવૃત્ત નથી. તેને પરમાત્મજ્ઞાનનો અભાવ છે. જુઓ! આ અમૃતચંદ્રાચાર્ય કહી ગયા છે. જે વિકલ્પ ઊઠ્યો છે તેની જ એને ભાવના છે. માટે, તેને પંચેન્દ્રિયવિષયોની અભિલાષાથી નિવૃત્તિ નથી. દેહની અવસ્થાનો કર્તા પોતાને માને છે તે છકાયજીવનો ઘાતક જ છે. ચરણાનુયોગનો અધિકાર છે છતાં આ ગાથા તેમાં આવી છે.

ભાઈ! 'રાગ ઠીક છે', 'રાગ કરવા જેવો છે' એમ માને છે તેના અભિપ્રાયમાં કષાયની તીવ્રતા વર્તે છે. તેના પરિણામનો સરવાળો કરો તો કષાયનો જ અભિપ્રાય વર્તે છે. જ્યારે સમ્યગ્દ્રષ્ટિ પાંચ ઈન્દ્રિયના વિષયોમાં આસક્ત છે જ નહિ કેમ કે તેની દૃષ્ટિ કાયા અને કષાયરહિત પોતાની વસ્તુ ઉપર પડી છે. તેથી ધર્મીને કષાયની કે પાંચ ઈન્દ્રિયના વિષયોની અભિલાષા નથી.

અજ્ઞાની પાંચ ઈન્દ્રિયના વિષયભોગને ન ભોગવતો હોય અને કાયા વડે છકાયજીવની હિંસા કરતો ન દેખાતો હોય પણ જેને પોતાના ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધ 'રાગ'નો પ્રેમ છે, એકાગ્રતા છે, અભિલાષા છે–ભાવના છે તે જીવ છકાયજીવનો ઘાતક છે અને પાંચ ઈન્દ્રિયના વિષયોનો અભિલાષી છે એમ તમે જુઓ! અભિપ્રાય કઈ બાજુ ઢળેલો છે તેના ઉપર આખું માપ છે. અભિપ્રાય એટલે દૃષ્ટિ અને દૃષ્ટિ હોય એવી સૃષ્ટિ ઊભી થાય છે.

મિથ્યાત્વના પાપને કષાયખાના કરતાં અનંતગણું પાપ ગણ્યું છે. ટોડરમલજીએ કહ્યું છે કે સાત વ્યસનના પાપ કરતાં મિથ્યાત્વનું પાપ અનંતુ છે. છઠ્ઠા અધિકારમાં છે કે જૈનધર્મમાં તો એવી આમ્નાય છે કે પહેલાં મોટું પાપ છોડાવીને પછી નાનું પાપ છોડાવવામાં આવે છે, તેથી મિથ્યાત્વના પાપને સાતવ્યસનાદિથી મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે.

(ક્રમશ:)

# અંધ-પંગુના દૃષ્ટાંતે મોક્ષમાર્ગનું સ્વરૂપ

(સમયસાર નાટક ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૭)

આ, શ્રી સમયસાર નાટક ચાલે છે તેમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનો ૩૦મો કળશ લેવાનો છે. તેના ઉપરનું ૮૨મુ પદ્ય છે તેમાં ચારિત્રનો વૈભવ કેવો છે તેની વાત ચાલે છે.

जहाँ सुद्ध ज्ञानकी कला उदोत दीसै तहाँ,
सुद्धता प्रवान सुद्ध चारित्तकौ अंस है।
ता कारन ग्यानी सबे जानै ज्ञेय वस्तु मर्म,
वैराग विलास धर्म वाकौ सरवंस है।
राग-दोष मोहकी दसासौं भिन्न रहै यातैं,
सर्वथा त्रिकाल कर्म जालकौ विधुंस है।
निरुपाधि आतम समाधिमें विराजै तातै,
कहिए प्रगट पूरन परम हंस है॥८२॥

અર્થ :—જ્યાં શુદ્ધજ્ઞાનની કળાનો પ્રકાશ દેખાય છે ત્યાં તે પ્રમાણે ચારિત્રનો અંશ રહે છે, તેથી જ્ઞાની જીવ સર્વ હેય-ઉપાદેયને સમજે છે. તેમનું સર્વસ્વ વૈરાગ્યભાવ જ રહે છે, તેઓ રાગ-દ્વેષ-મોહથી ભિન્ન રહે છે, તેથી તેમના પૂર્વે બાંધેલા કર્મ ખરે છે અને વર્તમાન તથા ભવિષ્યમાં કર્મબંધ થતો નથી. તેઓ શુદ્ધ આત્માની ભાવનામાં સ્થિર થાય છે, તેથી સાક્ષાત્ પૂર્ણ પરમાત્મા જ છે.

શું કહે છે!—કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો અંતર અનુભવ થઈને, પછી વિશેષપણે ધ્યાનમાં સ્વરૂપને વિષય બનાવીને સ્થિરતા કરે છે તે જ્ઞાનીની શુદ્ધતા છે-ચારિત્ર છે. ચૈતન્ય ભગવાન પોતાના જ્ઞાનમાં રમે–ઠરે તે શુદ્ધજ્ઞાન છે. ત્યાં ચારિત્ર હોય છે. ચારિત્ર કોઈ ક્રિયાકાંડમાં હોતું નથી.

આત્મા પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે તેનું અંતર્મુખ થઈને પરિણમન થવું–જ્ઞાનનું સમ્યગ્દર્શનરૂપે પરિણમન થવું, જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું અને જ્ઞાનનું ચારિત્રરૂપે થવું તે

ચારિત્ર છે. આમ, શુદ્ધજ્ઞાન છે ત્યાં ચારિત્ર છે. પ્રથમ તો દૃષ્ટિમાં ચૈતન્યસ્વરૂપ આવે અને અનુભવમાં આવે કે આ આત્મા તો જ્ઞાન ને આનંદ જ છે, પછી તેમાં એકાગ્રતા થાય તેને મોક્ષમાર્ગમાં ચારિત્ર કહેવાય છે.

जहाँ शुद्धग्यानकी कला उदोत दीसे तहाँ....એટલે શું?—કે આત્મા જ્ઞાનસ્વભાવસ્વરૂપ છે તે પ્રગટપણે–વ્યક્તપણે શુદ્ધતારૂપે પ્રકાશે તેમાં જેટલી શુદ્ધતા છે એટલું ચારિત્ર છે. પુણ્ય-પાપ જેટલા પ્રકાશે છે એટલું અચારિત્ર છે.

આજે જૈન સંદેશમાં કોઈ ડૉક્ટરનું લખાણ આવ્યું છે કે પુણ્ય કાંઈ ઝેર કે મળ નથી, પુણ્યથી તો આત્માને સમકિત થાય છે. પુણ્યને છોડવાનું કહો તો પાપ થાય....આવું (ઊંધું લખાણ) આવ્યું છે.

અહીં તો, પુણ્યને પહેલાં તો દૃષ્ટિમાં છોડવાલાયક છે. પુણ્ય પણ મારું સ્વરૂપ નથી માટે છોડવાલાયક છે એમ નિર્ણય થશે ત્યારે સ્વરૂપ તરફની રુચિ અને દૃષ્ટિ થશે. આનંદધામ આત્માનું ભાન કરવા માટે, પ્રથમ તો પુણ્યની રુચિ છોડવી. દૃષ્ટિમાં એ હેય છે, છોડવાયોગ્ય છે એમ નક્કી કરવું. પુણ્ય ઉત્પન્ન તો થશે પણ એ હેય છે એમ જ્યાં સુધી નક્કી નહીં થાય ત્યાં સુધી એની દૃષ્ટિ સ્વભાવ ઉપર નહીં જાય.

જ્ઞાનની કળા ઉપજશે તેમાં સમ્યગ્દર્શન થશે, રાગની કળાના ઉત્પાદથી સમ્યગ્દર્શન નહિ થાય. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે તેને અંતરમાં ધ્યાનમાં વિષય બનાવતાં શક્તિમાંથી શુદ્ધિ પ્રગટ થાય છે એટલો ચારિત્રનો અંશ છે. દેહની ક્રિયા અને શુભરાગ તો વિકલ્પ અને આસ્રવ છે–ચારિત્ર નથી. જગતને એમ છે કે શુભરાગથી આત્મા મળી જશે કેમ કે શુભભાવમાં મોહનો રસ મંદ પડે છે, સ્થિતિ ઓછી થાય છે અને સમકિત થાય છે પણ ભાઈ! શુભ પરિણામ તો નવમી ગ્રૈવેઈક મળે એવા અનંતવાર કર્યા અને તેના ફળ ભોગવ્યા પણ, પરસન્મુખની રુચિ પડી છે ત્યાં સુધી સ્વસન્મુખ કઈ રીતે થાય! તારા આંગણામાં આવીને અંતરમાં કેમ જવું એની તને ખબર નથી. ભાઈ! શુભભાવને હેય કરીને અશુભમાં જવાનું કહેતાં નથી. શુભને હેય જાણીને સ્વસન્મુખ થવાનું કહીએ છીએ.

પ્રથમ નક્કી એ કરવાનું છે કે શુભભાવ વિકાર છે. માટે તેની દૃષ્ટિ અને રુચિ છોડવા જેવી છે. આવો નિર્ણય જ્યાં સુધી નહીં કરે ત્યાં સુધી દશાની દિશા પલટે નહિ પણ શું થાય! એ હોંશેથી લૂંટાઈ રહ્યો છે અને લૂંટાવાનું કહેનારની વાત રુચિથી સાંભળે છે કે હા! તમારી વાત બરાબર છે.

'વ્યવહાર પરંપરા મુક્તિનું કારણ છે' એ વાત શાસ્ત્રમાં આવે છે પણ એ વ્યવહારનયનું વાક્ય છે. આહાહા! અહીં તો ભગવાન અમૃતચંદ્ર આચાર્યે મૂળ ગાથા ઉપરથી શ્લોક બનાવીને મૂક્યો છે. તેના ઉપરથી બનારસીદાસે રાજમલજીની ટીકા ઉપરથી નાટક બનાવ્યું છે. કળશટીકા રાજમલજીએ બનાવી છે.

જુઓ! શુદ્ધજ્ઞાનની કળા કહી છે. રાગની કળા નથી કહી. પ્રજ્ઞાબ્રહ્મ આત્માને વિષય બનાવતાં રાગનો વિષય દૃષ્ટિમાંથી છૂટી જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. માટે પુણ્યની મીઠાશ પહેલાં છૂટવી જોશે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુમાં એકાગ્ર થતાં જ્ઞાનની કળા જ્ઞાનની દશા એટલે જ્ઞાનની પવિત્રતા પ્રગટ થાય. દ્રવ્યના અવલંબને શુદ્ધતા પ્રગટ થાય તેના પ્રમાણમાં વીતરાગતા પ્રગટ થાય એટલા અંશે ચારિત્ર છે. ભગવાન આત્માનો સ્પર્શ કરે એટલે કે તેનું વેદન કરે–શુદ્ધ આનંદનો આસ્વાદ લે તે ચારિત્ર છે.

અહા! ચારિત્રવંત એટલે જેનો પંચપરમેષ્ઠીમાં પ્રવેશ છે તેનું ચારિત્ર આવું હોય. કેવું? કે પ્રથમ તો દૃષ્ટિમાં એમ આવે કે આ આત્મા ત્રિકાળ પવિત્ર છે. એવું ભાન પણ સાથે જ થાય તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. પછી એ પવિત્ર પ્રભુ આત્મામાં જેટલા પ્રમાણમાં એકાગ્રતા થાય એટલા પ્રમાણમાં શુદ્ધતાનો અંશ પ્રગટ થાય તેને ચારિત્ર કહેવામાં આવે છે.

આમ, ચારિત્રવંત જ્ઞાની જીવ સર્વ હેય-ઉપાદેય તત્ત્વોને સમજે છે. જ્ઞાનાનંદ સ્વભાવ ઉપાદેય એટલે કે વિષય કરવાલાયક છે અને રાગાદિભાવ હેય છે એટલે કે વિષય કરવાલાયક નથી એમ ધર્મી સમજે છે.

શુદ્ધતાના નાથનો આશ્રય જ્યાં સુધી જીવ ન કરે ત્યાં સુધી તેને પુણ્ય-પાપનું બંધન અને તેના ફળમાં ચારગતિનું ભ્રમણ છૂટતું નથી. થોડી પ્રતિકૂળતા આવે ત્યાં તો કાયર....કાયર થઈ જાય છે. દીકરો મરે, દીકરી રાંડે, ઘરમાં રોગ આવે, સ્ત્રી માંદી પડે કે મરી જાય, દુકાન ભાંગે, વીમાવાળો તૂટે....આવી જ્યાં થોડી પ્રતિકૂળતા આવે ત્યાં એને કંટાળો આવી જાય છે. આમાંથી કેમ ઉગરાશે? બાપા! આ પ્રતિકૂળતા તો થોડી છે. આનાથી અનંતગુણી પ્રતિકૂળતા નરક અને નિગોદમાં છે ત્યાં કેમ કાળ ગાળ્યો હશે! કેવી રીતે રહ્યો હશે! દુઃખના દહાડામાં બધો કાળ ગયો છે. આકુળતા.... આકુળતા....આકુળતા....ભાઈ! એ બધા મિથ્યાત્વના ફળ છે. એ બધા કર્મના ફળ છે ભાઈ! એ તારું ફળ નહિ!!

દુનિયા સાથે મેળવવા જશો તો આ વાત મળશે નહિ એવો મારગ છે. ભગવાન મહાવીર કહે છે કે હે ગૌતમ! અમારા મારગની રીત અને અંતરના સત્‌પંથની દોરવણીની સાથે તું લોકોના પંથને મેળવીશ નહિ એટલે કે બીજે ભીખ માગીશ નહિ. પ્રભુ! તારામાં અપૂર્ણતા કે વિપરીતતા ક્યાં છે કે તારે ભીખ માગવી પડે? તું તો અવિપરીત અને પૂર્ણ આનંદથી ભરેલું તત્ત્વ છો. સત્‌ચિદાનંદસ્વરૂપ છો અર્થાત્‌ શાશ્વત જ્ઞાન ને આનંદસ્વરૂપ છો.

સત્‌ ચિદાનંદમાં એકાગ્ર થતાં જેને શુદ્ધતા પ્રગટે છે તે જ્ઞાની જાણે છે કે આત્મા આદરણીય છે અને પ્રગટ કરવા માટે આ શુદ્ધતા પણ આદરણીય છે અને શુભાશુભભાવ બંને હેય છે. આમ હેય-ઉપાદેય તત્ત્વોને સમજે છે તેણે વસ્તુના મર્મને જાણ્યો કહેવાય, તેને હવે રાગના પરિણામ હેયપણે જ્ઞેય છે જ્યારે શુદ્ધતા ઉપાદેયપણે જ્ઞેય છે.

અરે! જીવને પોતાની દયા નથી. હું કેટલા દુઃખમાં પડ્યો છું અને મારે હજુ કેટલા દુઃખ વેઠવા પડશે એની એને ખબર નથી અને ભવિષ્યમાં દુઃખ આપે એવા પુદ્‌ગલ પરિણામનું એ કારણ છે. આ વાત ૭૪ ગાથામાં આવી ગઈ છે કે આસ્રવો દુઃખરૂપ અને દુઃખના કારણ છે.

जानै ज्ञेय वस्तु मर्म....જ્ઞેય તો બધા જ છે. આત્મા જ્ઞેય છે, શુદ્ધભાવ જ્ઞેય છે અને અશુદ્ધભાવ પણ જ્ઞેય છે પણ તેમાં શું ઉપાદેય છે અને શું હેય છે એ સમજવું તે મર્મ છે. આત્માં અને શુદ્ધભાવ ઉપાદેય છે અને અશુદ્ધભાવ હેય છે એમ જાણતાં હોવાથી જ્ઞાનીને અશુદ્ધભાવ છે એટલું અચારિત્ર છે પણ તે આદરણીય નથી, હેય છે. માટે, તેને છોડીને અંદરમાં આત્મામાં સ્થિરતા કરે છે તેને આત્મા ઉપાદેય થયો કહેવામાં આવે છે. આ તો ચારિત્રનો અધિકાર છે એટલે જેટલી અંદરમાં સ્થિરતા કરે છે એટલી શુદ્ધતાને ઉપાદેય કરી કહેવામાં આવે છે.

वैराग्य विलास धर्म वाकौ सरवंस है ।સમ્યગ્દર્શન થતાં જ ધર્મી રાગથી વિરક્ત છે. જો વિરક્ત ન હોય અને રાગમાં રક્ત હોય તો તો એ મિથ્યાત્વભાવ છે. શુભાશુભરાગ પણ ઝેર છે અને મળ છે, તારા અમૃતસાગરને એ લૂંટનારા ભાવો છે કેમ કે રાગ ઉત્પન્ન થાય છે ત્યાં અમૃતસાગર પ્રભુ ઉત્પન્ન થતો નથી. માટે રાગને હેય તરીકે જ્ઞેય જાણ પણ તેની રુચિ ન કર! રાગ તો ધર્મીને હોય ખરો પણ હેય તરીકે તેને જાણે છે તેથી રાગ પ્રત્યે ધર્મીને વૈરાગ રહે છે. ધર્મીનો વિલાસ રાગથી ભિન્ન

છે. રાગમાં રમવું એ જ્ઞાનીનો વિલાસ નથી. રમત નથી. અરે! ધર્મીનો વિલાસ તે રાગ હોય કે રાગથી ભિન્ન વૈરાગ હોય!! રાગનો વિલાસ તો અજ્ઞાની અનાદિથી કરે છે. અનાદિથી રાગની રમતમાં રમે છે.

'નિજ પદ રમે સો આતમરામ કહીએ.' શુદ્ધ સ્વરૂપ ઉપાદેય અને રાગથી વૈરાગ્ય છે તેને ખરો વૈરાગ્ય છે. શુભાશુભ બંને ભાવો પ્રત્યે રુચિ નથી. ધર્મીનું સર્વસ્વ વૈરાગભાવ છે અથવા તો ધર્મીનો વંશ જ વૈરાગ છે. અનંતાનુબંધી કષાય ગયો ત્યારથી સ્વરૂપાચરણ ચારિત્ર છે. નિર્જરા અધિકારમાં ધર્મીને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ પ્રગટ થઈ છે એમ કહ્યું છે. અરે! શીલપાહુડમાં તો કહ્યું કે ચોથા ગુણસ્થાનવર્તી ધર્મીને શીલ છે. ભલે સમકિતી નરકમાં હોય ત્યાં પણ તેને શીલ છે કેમ કે તેને અંતરમાં આત્માની દૃષ્ટિ અને અનુભવ થયો છે તેથી જેટલો રાગ ઘટ્યો છે તેટલું શીલ પ્રગટ થયું છે અને આચાર્ય તો એમ કહે છે કે આવા સમ્યગ્દર્શન-જ્ઞાન અને શીલના કારણે ત્યાંથી નીકળીને તીર્થંકર થાય એવા જીવ પણ ત્યાં પડ્યા છે. એ શીલનો સ્વભાવ અને માહાત્મ્ય છે. આ, શરીરથી બ્રહ્મચર્ય પાળવારૂપ શીલની વાત નથી. સ્વભાવની રમણતા તે ખરું શીલ છે. તે શીલ સમ્યગ્દૃષ્ટિને નરકમાં પણ વર્તે છે.

શ્રોતા :—આ માટે તો ચોરાશીના અવતાર કાપીને આપના શરણાં અમે આવી ગયા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શરણ તો અંદરમાં છે તે લેવાનું છે. કહ્યું હતું ને! 'ગુણીજન! સંભાળે સો હી છે શેઠ, બાકી તો અનુચર જાણજોજી'..... અરે! તારી પૂંજી–નિધાનની સંભાળ તેં કદી ન કરી ભાઈ! નિધાન ઉપર તે પડદો નાંખ્યો. પોતાને જોવો નથી, પ્રગટ કરવો નથી, માનવો નથી....રાગની રુચિની આડમાં નિધાન ઢંકાઈ ગયું છે.

वैराग विलास धर्म वांकौ सरवंस है। ...ભાષા તો જૂઓ! રાગથી રહિત એવી જે 'વૈરાગદશા' એ ધર્મીનો વિલાસ અને સર્વસ્વ છે. રાગાદિ કે નિમિત્ત આદિ એના નથી. પોતાના ભગવાન સિવાય બીજી બધી ચીજથી એને ઉદાસી વર્તે છે. મુનિદશામાં પંચમહાવ્રત આદિનો રાગ આવશે પણ એ તેનું સર્વસ્વ નથી, ધર્મ નથી, ચારિત્ર નથી.

• राग दोष मोहकी दसासौं भिन्न रहै यातैं, ધર્મીની દૃષ્ટિ અને રુચિમાં ભગવાન આત્મા આવ્યો છે તેથી ધર્મી રાગ-દ્વેષ-મોહની દશાથી ભિન્ન રહે છે અને સ્વભાવ સાથે એકતા કરે છે.

લોકોને બહારમાં સૂઝ પડે એવું હોય તે સહેલું લાગે અને આ સમજવું કઠણ લાગે છે. પરમાર્થ વચનિકામાં કહ્યું છે કે આગમક્રિયા–વ્યવહારક્રિયા એને સહેલી લાગે છે અને અધ્યાત્મની નિશ્ચય સાથેની વ્યવહાર ક્રિયામાં એને સૂઝ પડતી નથી. રાગરહિત આત્માની એકાગ્રતા એ નિશ્ચયની સાથેની વ્યવહારક્રિયા છે. એ સમજવી અને શ્રદ્ધામાં બેસવી પણ કઠણ પડે છે એટલે સહેલો માર્ગ લઈ લે છે તો સહેલી તો રાખ હોય, સહેલી એટલે સસ્તી. રાખ-ભસ્મ સસ્તી છે પણ એ તો ધૂળ છે.

ભગવાન ચૈતન્ય રતનનો તો જેને સ્વાદ નથી, એકલા રાગના સ્વાદની રુચિવાળા છે એ બધા મૂરખ છે. ધર્મીને તો રાગરહિત વૈરાગ્યનો વિલાસ છે. તેથી ધર્મી રાગથી ભિન્ન રહે છે.

सर्वथा त्रिकाल कर्म जालसौं विधुंस है । જેનો વિષય ત્રિકાળી ભગવાન આત્મા છે તેવા ધર્મી ત્રણેકાળના કર્મથી ભિન્ન છે. કર્મની જાળનો તો ધર્મી નાશ કરનારા છે. કળશમાં છે ને! पूर्वागामि समस्तकर्म विकला भिन्नास्तदात्वोदयात् । તે તે કાળે રાગનો ઉદય થાય તેનાથી ધર્મી વર્તમાનમાં ભિન્ન છે. જે દૃષ્ટિમાં આવ્યો અને શ્રદ્ધામાં બેઠો એ જ આત્મા છે. તે આત્મા જ ત્રણકાળના કર્મનો વિધ્વંસ કરી નાંખે છે. કોઈપણ કર્મની અવસ્થાને રાખે એવો એનો સ્વભાવ જ નથી.

निरुपाधि आतम समाधिमैं विराजैं.....રાગમાં તો ઉપાધિ છે. તેનાથી રહિત આત્મા નિરુપાધિ છે. બહારમાં ડીગ્રી કે પદવી મળે છે એ તો બધી ઉપાધિ છે. ભગવાન આત્મા એ બધી ઉપાધિથી રહિત સમાધિમાં બિરાજે છે. અરાગી શાંતિમાં બિરાજે છે. બાવા સાધુ લોકો સમાધિ ચડાવે છે તે આ સમાધિ નથી. રાગથી અને આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત, સ્વરૂપમાં સ્થિર થવું તે સમાધિ છે. તેમાં અંતરમાં આનંદમાં રમણતા થાય છે, શૂન્યતા થઈ જતી નથી. તેમાં તો પૂર્ણ તત્ત્વની સત્તાનો સ્વીકાર વર્તે છે.

कहिए प्रगट पूरन परम हंस है । ચારિત્ર પ્રગટ થયું છે એવા ધર્મીએ વસ્તુનો સ્વભાવ રાગ રહિત છે એમ વિરક્ત થઈને, સ્વરૂપને વિષય બનાવીને સમ્યગ્દર્શન કર્યું છે તે જીવ હવે ત્રણકાળના કર્મ અને રાગાદિથી છૂટો પડી સમાધિમાં–સ્થિરતામાં બિરાજે છે તેને સાક્ષાત્ પરમાત્મપદ પ્રાપ્ત થાય છે.

ग्यायक भाव जहाँ तहाँ, सुद्ध चरनकी चाल।
तातैं ग्यान विराग मिलि, सिव साधै समकाल॥८३॥

અર્થ :—જ્યાં જ્ઞાનભાવ છે ત્યાં શુદ્ધ ચારિત્ર રહે છે, તેથી જ્ઞાન અને વૈરાગ્ય એક સાથે મળીને મોક્ષ સાધે છે.

ધર્મીની દૃષ્ટિમાં એકલો જાણનાર-દેખનાર પ્રભુ તરવરતો હોય છે. જ્ઞાનમાં પણ એકલો જ્ઞાયકભાવ, ચારિત્રમાં પણ એકલો જ્ઞાયકભાવ...એમ જ્યાં જુઓ ત્યાં ધર્મીને જ્ઞાયકભાવ જ તરવરતો હોય છે અને તેનો જ સદાય આશ્રય વર્તે છે. શુદ્ધ રમણતામાં રમતું કરે છે. જે જીવ જ્ઞાતા-દૃષ્ટા રહે, રાગમાં એકત્વ ન કરે અને અસ્થિરતા પણ ન થાય ત્યાં ચારિત્ર હોય છે. જ્યાં અંતરમાં ચારિત્ર છે ત્યાં સાથે પંચમહાવ્રત આદિનો શુભરાગ હોય છે. તેથી પંચમહાવ્રત અંદરની શુદ્ધિને બતાવે છે. તેથી નિમિત્તથી કથન એમ આવે કે પંચમહાવ્રત અને ૧૨ વ્રત છે તે ચારિત્ર છે.

વ્યવહાર છે તે નિશ્ચયને બતાવે છે પણ વ્યવહારથી નિશ્ચય થતો નથી. પંચમહાવ્રત એમ બતાવે છે કે અંદરમાં ઘણી શુદ્ધિ વર્તે છે. ભેદ દ્વારા અભેદનું કથન થાય છે પણ તે ભેદ અનુસરવાયોગ્ય નથી. અંતરમાં જ્ઞાનાનંદપ્રભુની દૃષ્ટિપૂર્વક વ્યવહારની દૃષ્ટિ છોડવાયોગ્ય છે.

અહીં તો પુણ્ય-પાપ બંનેને દૃષ્ટિમાંથી છોડવા—એમ કહ્યું છે. પુણ્ય છોડીને પાપમાં જવું એમ કહેતાં નથી. મિથ્યાત્વ મહાપાપ છે એને પહેલાં કાઢવું પડશે.

तातैं ग्यान विराग मिलि.....પૂર્ણ વસ્તુ–જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ અને રાગથી વિરક્તિ એ જ્ઞાન અને વૈરાગ્ય બંને મળીને મુક્તિને સાધે છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ વડે મોક્ષની સાધના થાય છે એમ કહ્યું છે ત્યાં નિશ્ચય મોક્ષમાર્ગ તો યથાર્થ છે અને વ્યવહાર છે તે ઉપચારથી મોક્ષમાર્ગ છે. ખરો મોક્ષમાર્ગ તો એક જ છે. આત્માનું જ્ઞાન અને રાગથી વિરક્તતા એ બે મળીને મોક્ષને સાધે છે. રાગથી મોક્ષની સાધના થતી નથી.

ઉપાદાન અને નિમિત્ત બે કાર્ય થાય એમ નહિ પણ આત્માનું જ્ઞાન અને આત્મામાં રમણતારૂપ ચારિત્ર આ બેથી મુક્તિ થાય છે. આત્માનું અંતરમુખી જ્ઞાન અને રાગથી વિરક્તિપૂર્વક આત્મરમણતા જ મોક્ષને સાધે છે.

શ્લોકના પાઠમાં એમ છે કે ज्ञानस्य संचेतनयैव नित्यं प्रकाशते ज्ञानमतीव शुद्धं। જ્ઞાનનું સંચેતન–શુદ્ધજ્ઞાનપ્રકાશમય ભગવાનમાં એકાગ્ર થતાં શુદ્ધજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય

છે ત્યાં બંધ નથી અને જે રાગના એકત્વમાં સ્થિર થાય છે એવા અજ્ઞાનીને દોડીને કર્મ બંધાય છે અને એ રાગના પ્રેમમાં તેની આત્માની શુદ્ધિ રુંધાઈ જાય છે. માટે કહ્યું કે પુણ્યના પરિણામ મારા છે, તેનાથી મને લાભ થાય છે એવી મિથ્યામાન્યતાથી તો બંધ થાય છે.

હવે ૮૪ અને ૮૫મા પદ્યમાં જ્ઞાન અને ચારિત્ર માટે દૃષ્ટાંત આપે છે.

जथा अंधके कंधपर, चढ़ै पंगु नर कोई।
वाके दृग वाके चरन, होंहि पथिक मिलि दोइ॥८४॥
जहँ ग्यान किरिया मिलै, तहाँ मोख-मग सोइ।
वह जानै पदको मरम, वह पदमैं थिर होइ॥८५॥

અર્થ :—જેવી રીતે કોઈ અંધ મનુષ્યના ખભા ઉપર લંગડો બેસે તો લંગડાની આંખ અને આંધળાના પગના સહકારથી બંનેનું ગમન થાય છે. તેવી જ રીતે જ્યાં જ્ઞાન અને ચારિત્રની એકતા છે ત્યાં મોક્ષમાર્ગ છે. જ્ઞાન આત્માનું સ્વરૂપ જાણે છે અને ચારિત્ર આત્મામાં સ્થિર થાય છે.

જેમ આંધળો ચાલે અને રસ્તો લગંડો બતાવે છે, તેમ જ્ઞાન રસ્તો બતાવે છે અને ચારિત્ર ચાલે છે અર્થાત્ જ્ઞાન પોતાના સ્વરૂપને જાણે છે અને ચારિત્ર દ્વારા તેમાં સ્થિર થાય છે. જ્ઞાન જાણવાનું કામ કરે અને ચારિત્ર તેમાં સ્થિર થવાનું કામ કરે. આમ, બંને ગુણ મળીને મોક્ષમાર્ગનું કાર્ય કરે છે.

જ્ઞાનને પંગુની અને ચારિત્રને અંધ મનુષ્યની ઉપમાં આપીને જ્ઞાન-ચારિત્રની મૈત્રીથી મોક્ષમાર્ગારોહણ થાય છે એ વાત સમજાવી છે. પાંગળાને આંખ છે અને આંધળાને પગ છે તે બંને મળીને ચાલવાનું કામ કરે છે. તેમ જ્ઞાન માર્ગ બતાવે છે અને ચારિત્ર તેમાં સ્થિરતા વડે મોક્ષમાર્ગમાં આગળ વધે છે. સ્થિર થવાની શક્તિ ચારિત્રમાં છે પણ તે કાંઈ જાણતું નથી. જાણવાનું કામ જ્ઞાન કરે છે. સમકિત અને ચારિત્ર જાણવાનું કામ કરતા નથી. જ્ઞાને જાણ્યું કે આત્મા શુદ્ધ અને પવિત્ર છે અને રાગ અશુદ્ધ અને અપવિત્ર છે માટે રાગ હેય છે એમ જ્યાં જ્ઞાને જાણ્યું ત્યાં આત્મામાં સ્થિરતાની ક્રિયા થાય છે તે ચારિત્રનું કાર્ય છે. આમ, જ્ઞાન અને ચારિત્ર મળીને મોક્ષમાર્ગમાં ચાલે છે—મોક્ષની ક્રિયા કરે છે.

સમકિત અને ચારિત્ર વડે જાણવાનું કાર્ય થતું નથી. તેથી સમકિત અને ચારિત્ર પોતાને પણ જાણતા નથી. જ્ઞાન જ સમકિત અને ચારિત્રને જાણે છે, જ્ઞાન જ આત્માને જાણે છે. જ્ઞાન જ્યાં ભગવાન આત્માને જાણે છે ત્યાં એ જ્ઞાન દ્રવ્ય, ગુણ, પર્યાય, સમકિત અને ચારિત્ર આદિ બધાને જાણે છે અને ચારિત્ર સ્વરૂપમાં ઠરે છે. આ મોક્ષનો માર્ગ છે. આત્માનું જ્ઞાન અને આત્મામાં ઠરવાની ક્રિયા—આનું નામ જ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ છે.

સપ્તભંગીમાં લીધું છે કે જ્ઞાન ઉપયોગ તે ચેતના છે અને તે સિવાયનો બધો અનઉપયોગ છે. સ્યાદવાદભંગીમાં આવી સપ્તભંગી છે.

શું કહ્યું આ! ફરીને લઈએ. આત્માનો અનુભવ થવો તે જ્ઞાન છે, તેમાં પ્રતીત થાય છે તે શ્રદ્ધા છે અને તેમાં સ્થિરતા થવી તે ચારિત્ર છે. છદ્મસ્થને પણ જ્ઞાનમાં વસ્તુ ખ્યાલમાં આવ્યા વિના 'આ આમ જ છે' એવી પ્રતીતિ થતી નથી. માટે આત્માનું જ્ઞાન અને સ્વરૂપમાં રમણતારૂપ ક્રિયા આ બંને મળીને મોક્ષમાર્ગ હોય છે. વ્યવહાર અને નિશ્ચય એ બે મળીને મોક્ષમાર્ગ છે—એમ નથી. આવો મારગ છે ભાઈ! તેને તારે જ્ઞાનમાં નક્કી કરવો જોઈશે ભાઈ!

બહારની ક્રિયાકાંડમાં અગ્રેસર હોય તે આવું બધું માનતા હોય કે પુણ્યથી ધર્મ થાય...વ્યવહાર કરતાં કરતાં મોક્ષ થાય....અહીં કહે છે કે માર્ગ એવો નથી. વસ્તુ–આત્માનું સ્વરૂપ જેવું છે એવું 'જ્ઞાન' અને તેમાં 'લીનતા' એ બે મળીને મોક્ષમાર્ગ છે. નિશ્ચય અને વ્યવહાર એ બે મળીને મોક્ષમાર્ગને સાધે છે એમ કહ્યું નથી.

वह जानै पदको मरम.....જ્ઞાન આત્માને જાણે છે કે અહા! હું તો અતીન્દ્રિય જ્ઞાન અને વીતરાગતાની મૂર્તિ છું અને સ્વરૂપમાં ચરવું તે મારું ચારિત્ર છે. પ્રવચનસારમાં આવે છે કે સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. આપણે અહીં સ્વાધ્યાયમંદિરના બારણા ઉપર પણ એક જગ્યાએ 'સ્વરૂપે ચરવું તે ચારિત્ર' અને બીજી જગ્યાએ 'સર્વગુણાંશ તે સમકિત' એવું લખાણ લખ્યું છે. સર્વ એટલે અનંત અનંત ગુણોના પિંડ પ્રભુને જાણતાં અને શ્રદ્ધા કરતાં બધા ગુણોની અંશે વ્યક્તતા–પ્રગટતા થાય છે. ગુણોમાં ભેદ છે તેથી પૂર્ણતા થવામાં ભેદ પડે છે પણ અભેદદૃષ્ટિ થતાંની સાથે જ બધાં ગુણોની પ્રગટતા જ થાય છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના અંશો જાય છે અને તેને બદલે અનંતગુણોના અંશો પ્રગટ થઈ જાય છે.

वह जानै पदको मरम અને જ્ઞાન થતાં વસ્તુનો આખો મર્મ જાણવામાં આવી ગયો પછી સ્થિરતા વડે આત્મામાં રમણતા કરે છે તે સમ્યક્ચારિત્રરૂપ ક્રિયા છે.

ग्यान जीवकी सजगता, करम जीवकी भूल।
ग्यान मोख अंकुर है, करम जगतकौ मूल॥८६॥

ग्यान चेतनाके जगे, प्रगटै केवलराम।
कर्म चेतनामैं बसै, कर्मबंध परिणाम॥८७॥

અર્થ :—જ્ઞાન જીવની સાવધાનતા છે અને શુભાશુભ પરિણતિ તેને ભૂલાવે છે. જ્ઞાન મોક્ષનો ઉત્પાદક છે અને કર્મ જન્મ-મરણરૂપ સંસારનું કારણ છે. જ્ઞાનચેતનાનો ઉદય થવાથી શુદ્ધ પરમાત્મા પ્રગટ થાય છે અને શુભાશુભ પરિણતિથી બંધયોગ્ય ભાવ ઉત્પન્ન થાય છે.

જ્ઞાન જીવની સાવધાનતા છે. અહા! આત્મા સાવધાન થઈને જાગ્યો કે હું તો એકલો જ્ઞાન અને આનંદ છું, મારા સ્વરૂપમાં વિકાર કે સંસાર નથી. જ્ઞાન જ જીવની જાગૃતદશા છે, સાવધાની છે. પુણ્ય-પાપ એ તો જીવની ભૂલ છે તે આત્માને આનંદનું કારણ ક્યાંથી થાય? એ તો આત્માને પોતાનું સ્વરૂપ ભૂલાવી દે છે.

જ્ઞાન મોક્ષનો અંકુર એટલે ઉત્પાદક છે. જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાન, જ્ઞાનસ્વરૂપ છું એવી શ્રદ્ધા અને જ્ઞાનસ્વરૂપમાં રમણતા જ મોક્ષની ઉત્પત્તિનું કારણ છે અને કરમ એટલે રાગ તો સંસારનું મૂળ છે. જ્ઞાન મોક્ષનું કારણ છે તો રાગ બંધનું કારણ છે. શુભાશુભભાવ એ કર્મચેતના છે અને તેના ફળરૂપ સુખ-દુઃખનું ભોગવવું એ કર્મફળ ચેતના છે. તે બંનેથી રહિત જ્ઞાનભાવ છે તે જ્ઞાનચેતના છે. આ જ્ઞાનચેતના જાગૃત થતાં શુદ્ધ પરમાત્મદશા પ્રાપ્ત થાય છે અને શુભાશુભભાવરૂપ કર્મચેતનાના ફળમાં કર્મબંધ અને સંસારની પ્રાપ્તિ થાય છે. *(ક્રમશઃ)*

❀

ત્રણ લોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે. બીજા દેવ–દેવલાની તો શું વાત! પણ સર્વજ્ઞની શ્રદ્ધા એ પણ શુભભાવ છે. આહાહા! ગજબ વાત છે ને! ત્રણ લોકના નાથની ભક્તિ પણ ભવનું કારણ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આત્માને પ્રાપ્ત કરવા કેવી જાતની ઉગ્રતા જોઈએ?

સમાધાન :—સ્વરૂપ ગ્રહણની ઉગ્રતા જોઈએ. ક્યાંય ચેન ન પડે, વિકલ્પની જાળમાં પણ ચેન ન પડે, ક્યાંય સુખ લાગે નહિ–એટલી અંતરમાં ઉગ્રતા હોવી જોઈએ. મને આ ભાવમાં બહુ આનંદ આવે છે, બહુ રસ પડે છે, તેવું થાય તે બધો વિકલ્પ જ છે, વિકલ્પનો જ આનંદ છે. આનંદ તો ચૈતન્યદ્રવ્યના અસ્તિત્વમાંથી આવવો જોઈએ, તે સહજ આનંદ છે. જ્યાં બધા વિકલ્પ છૂટી જાય છે ત્યાં સહજ આનંદ પ્રગટે છે. જે અંતરમાંથી છૂટો પડી જાય છે તેને સહજ આનંદ આવે છે, તેને કોઈ કૃત્રિમતા આવતી નથી કે મને બહુ આનંદ આવ્યો. તેમ જ આનંદ ઉપર પણ તેની દૃષ્ટિ હોતી નથી.

પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે, તેને સહજ આનંદ અંતરમાંથી પ્રગટે છે. વિકલ્પ કરીને આનંદ વેદવો પડતો નથી. વિકલ્પની દિશા છે તે દિશા આખી પલટીને વિકલ્પથી છૂટો પડે તો સમ્યગ્દર્શન પ્રગટે છે.

ક્ષણે ક્ષણે વિકલ્પથી જુદો છું એવું ભેદજ્ઞાન પહેલાં થવું જોઈએ. જ્ઞાયકની ધારા પહેલાં થાય તો નિર્વિકલ્પ દશા આવે.

પ્રશ્ન :—દ્રવ્યકર્મ ભાવકર્મ અને નોકર્મ એ ત્રણેથી એક સાથે જુદો પડે?

સમાધાન :—અંતરમાં વિભાવ સાથે જ્યાં એકત્વબુદ્ધિ છે ત્યાં બધા પરપદાર્થ સાથે પણ એકત્વબુદ્ધિ છે. આમ સ્થૂલ રીતે બધાથી એકત્વ માનતો નથી, પણ એક પણ પરપદાર્થ કે વિભાવ સાથે જેને એકત્વબુદ્ધિ છે તેને બધા સાથે એકત્વબુદ્ધિ છે જ, તે જુદો પડ્યો નથી. દ્રવ્યકર્મના નિમિત્તે ભાવકર્મરૂપે પોતે પરિણમે છે પણ તે પોતાનો સ્વભાવ નથી. દ્રવ્યદૃષ્ટિથી જોવે તો વિભાવ પણ પોતાથી જુદો છે. છતાં તેની સાથે જેને એકત્વબુદ્ધિ છે તે પર તરફ દૃષ્ટિ કરીને ઊભો છે.

કોઈને એમ લાગે કે હું બધાથી જુદો પડ્યો છું અને માત્ર વિભાવ સાથે એકત્વબુદ્ધિ છે એટલું જ બાકી રહ્યું છે. પણ જો તે એક વિભાવમાં પણ એકત્વબુદ્ધિ કરી રહ્યો છે તો તેને બધા સાથે એકત્વબુદ્ધિ ઊભી જ છે અને જ્યારે વિભાવથી છૂટે છે ત્યારે બધાથી છૂટી જાય છે.

* * *

### પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના કૃપાપાત્ર

# વાત્સલ્યભીના વ્યક્તિત્વની વિદાય

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અત્યંત અર્પણતા ધરાવનાર ઉભય ધર્માત્મા કૃપાપાત્ર, દીર્ઘકાળથી ગુરુદેવશ્રીના શાસનની સેવા કરનાર અને આરાધક, વિદ્વાન અને આ પ્રવચનકાર, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અને મહામંત્રી એવા મુરબ્બ ચીમનભાઈ મોદીના આ દુર્લભ મનુષ્યપર્યાયથી ચિરવિદાયના અકલ્પ્ય વૈરાગ્યપ્રેરક સમાચાર જાણી વૈરાગ્યભીનું દુઃખદ વેદન થયું છે.તેઓશ્રીનો ચિરવિયોગ થવાથી આપણને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

મુરબ્બી શ્રી ચીમનભાઈને નાની ઉંમરથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સંગનો લાભ પ્રાપ્ત તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી અને તેમના દર્શાવેલા તત્ત્વજ્ઞાનથી અત્યંત પ્રભાવિત થયા અને ગુરુદેવશ્રી પ્રત્યે તેમના અંતરમાં અહોભાવ જાગ્યો. તેના ફળ સ્વરૂપે સહજપણે જ તેઓ શા સેવામાં જોડાઈ ગયા. પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતીના મહોત્સવો, તેઓ સાથેની તીર્થયાત્રાઓ તેઓશ્રીના પ્રભાવનાયોગે થતા પંચકલ્યાણક મહોત્સવોની વ્યવસ્થામાં શ્રી ચીમનભાઈ તન-મન- અર્પાઈ ગયા. તેઓ માત્ર વ્યવસ્થામાં જ કાર્યદક્ષ નહીં પણ તત્ત્વજ્ઞાનના અને સિદ્ધાંત ગ્રંથોના અભ્યાસી હતા જેથી તેઓ સંસ્થાના પ્રવચનકાર તરીકે પણ અત્યંત લોકપ્રિય થયા.

તેમની પૂજ્ય ગુરુદેવશ્રીના શાસન પ્રત્યેની અર્પણતા, બાહોશતા, વહીવટી શક્તિને ધ્યાનમાં તેમને નાની વયે સંસ્થાના ટ્રસ્ટીપદે નિયુક્ત કરવામાં આવ્યા. તેમના ટ્રસ્ટીપદના કાળ દરમિયા દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સામે અનેક ઝંઝાવાતી પ્રશ્નો આવ્યા. છતાં તેઓએ અ કુશળતાપૂર્વક સંસ્થાના વહીવટમાં મુખ્ય ભાગ ભજવી, સંસ્થાની શક્તિ અને મજબુતાઈને ટ રાખવામાં તથા વૃદ્ધિ કરવામાં ઘણો જ અગત્યનો ફાળો આપ્યો.

પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત પ્રકાશિત થયાં ત્યારે તેઓશ્રીએ પૂજ્ય બહેનશ્રી અને વચન પ્રત્યે અત્યંત ભક્તિભાવ વ્યક્ત કર્યો અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યેની તેમના અંતરમાં રહેલી ભક્તિ અત્યંત દઢતાને પામી. પૂજ્ય ગુરુદેવશ્રીના અચાનક આવી પડેલા દુઃખદવિયોગ પછી તેઓએ ર રહી સંસ્થાને અત્યંત સબળ સ્થિતિમાં લાવવામાં ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો. આજે સોનગઢમાં જાણે પૂજ્ય ગુરુદેવશ્રી સદેહે ઉપસ્થિત હોય તેવું વાતાવરણ બનાવી રાખવામાં ટ્રસ્ટી તેમની કુશળતા અને બાહોશતા વર્તાઈ આવે છે.

તેમના અંતરમાં સંતસાધનાભૂમિ સુવર્ણધામ પ્રત્યે અત્યંત ભક્તિ પ્રવર્તતી હતી. તેથી સંસ્ પ્રસિદ્ધિ દેશ-વિદેશમાં થાય તેની ભાવના તેમને સદાય વર્તતી રહેતી. તેથી સુવર્ણપુરીમાં બાહુ ભગવાનની ભવ્ય પ્રતિમા અને જંબૂદ્વીપની ભવ્ય રચના થાય તેવું ટ્રસ્ટીમંડળે આયોજન કર્યું ત મુમુક્ષુ સમાજે અત્યંત ભાવથી વધાવી લીધું. સુવર્ણપુરીમાં બાહુબલી ભગવાનના ભવ્ય બિં પધરામણી થતાં તેઓશ્રી અત્યંત પ્રસન્ન હતા અને દરરોજ તેઓ બાહુબલી ભગવાનના દર્શન ક નિયમિત જતા હતા.

તેઓની નાદુરસ્ત તબિયત હોવા છતાં પર્યુષણ પર્વમાં તેઓ સમયસર પૂજામાં આવતા, પૂજ્ય ગુરુદેવશ્રીના સવારના પ્રવચનમાં પણ હાજરી આપતા અને ત્યારબાદ મુમુક્ષુઓને સ્વાધ્યાયનો લાભ આપતા તથા રાત્રે પણ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાં આવતા. તેઓએ સ્વર્ગવાસ પહેલાં સોનગઢમાં છેક સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લીધો અને છેલ્લે તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનું નિયમસાર પર કારણશુદ્ધપર્યાયની ગાથાનું પ્રવચન સાંભળવાની ઘણી ભાવના હતી.

તેઓશ્રીને સમસ્ત મુમુક્ષુ સમાજ પ્રત્યે ગાઢ વાત્સલ્યભાવે પ્રેમ હતો. દરેક નાના-મોટા મુમુક્ષુઓને પ્રેમથી આવકારતા. બધા મુમુક્ષુ ભાઈ-બહેનોને પણ તેમના પ્રતિ એક પ્રતિષ્ઠિત વડીલ તરીકે ખૂબ આદર તથા વાત્સલ્યભીની લાગણી હતી. તે વાત્સલ્યપૂર્ણ વ્યક્તિનો મેળાપ પણ નહીં થાય! એ દુઃખદ છે; કુદરતનો ક્રમ જ એવો છે. એટલું માનીને જ સંતોષ માનવો પડે છે.

તેઓશ્રીએ જ્ઞાનીઓની અંતરંગ કૃપા સંપાદિત કરી હતી—એ એમની મહામૂલી ઉપલબ્ધિ હતી. તેમનું શાસ્ત્રજ્ઞાન વિશાળ હતું. પંચપરમાગમના હરિગીતો તેમને કંઠસ્થ હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના ગહન સિદ્ધાંતોની 'ઊંડા આદર્શ આત્માર્થી' પંડિતરત્ન શ્રી હિંમતભાઈની સવિસ્તૃત સ્પષ્ટતાઓ સાંભળીને—વાંચીને પોતે અંતરના ઉમળકાથી બહુમાનપૂર્વક ગ્રહણ કરતા હતા. આવા તેમના ગુણો અને સત્કાર્યો તેમજ સદ્ભાવનાઓને સ્મરીને તેમના વિરહથી થતું દુઃખ હળવું કરીએ છીએ.

આ વિષમ પ્રસંગે આપણને આર્તધ્યાનને બદલે સંયોગ-વિયોગાદિના દુઃખથી ભરેલ આ સંસાર તરી જવાની રીત જ્ઞાનીઓના પ્રતાપે આવડે અને સાચો પુરુષાર્થ પ્રગટ કરવાનું બળ પ્રાપ્ત થાય એવી ભાવના રહે છે. સદ્ગત આત્મા પ્રાપ્ત કરેલા ધાર્મિક સંસ્કારોમાં આગળ વધી શીઘ્ર શાશ્વત સુખને પ્રાપ્ત કરો, એ જ અંતરની ભાવના.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તેમના સર્વ આત્માર્થલક્ષી ધાર્મિક તથા વહીવટી કાર્ય બદલ તેમનું અત્યંત ઋણી છે તથા તેમને ભાવભીની શ્રદ્ધાંજલી આપે છે.

## આત્મધર્મના આજીવન ગ્રાહકો માટે સૂચના

(૧) આપને આત્મધર્મ ન મળતું હોય તો આપનો (I) આત્મધર્મનો કાયમી ગ્રાહક નંબર (જે આપને મોકલાવેલ આત્મધર્મ ઉપર આપના એડ્રેસ સાથે લખેલો છે.) (II) આપનું વર્તમાન પૂરું સરનામું પત્ર દ્વારા / E-Mail દ્વારા મોકલાવવા વિનંતી.

(૨) આપને આત્મધર્મની જરૂર ન હોય અને બંધ કરાવવું હોય તો આપના ગ્રાહક નંબર સાથે પત્ર દ્વારા / E-Mail દ્વારા જાણ કરવા વિનંતી

: પત્ર / E-Mail મોકલવાનું સરનામું :

Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 Dist : Bhavnagar (Gujrat)

www.kanjiswami.org
email : contact@kanjiswami.org

## વૈરાગ્ય સમાચાર :

સોનગઢનિવાસી (હાલ-ભોપાલ) શ્રી મગનલાલજી જૈન (અજિત મુદ્રણાલય, સોનગઢ) તા. ૩-૯-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના અનેક પ્રકાશનો પોતાના પ્રેસમાં છાપ્યા હતા તેમજ સંસ્થાના અનેક ગુજરાતી પ્રકાશનોનો હિન્દી અનુવાદ કર્યો હતો. પરમાગમમંદિર(સોનગઢ)માં જે આરસના શીલાપટો લગાડવામાં આવ્યા છે તે ઉત્કીર્ણ કરવાની શરૂઆત તેઓના પ્રેસમાંથી કરવામાં આવી હતી. વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

વાંકાનેરનિવાસી (હાલ-મુંબઈ) શ્રી ધીરજલાલ મોહનલાલ સોલાણી (વર્ષ-૮૫) તા. ૧૦-૯-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ-મલાડ) શ્રી ચંદનબેન પ્રાણલાલ બોટાદરા (વર્ષ-૮૦) તા. ૨૨-૯-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-અમદાવાદ) જટાશંકર ફુલચંદ મહેતાનાં પુત્ર મનુભાઈ (પ્રેસવાળા)ના ધર્મપત્ની વિમલબેન (વર્ષ-૭૩) તા. ૧૧-૧૦-૧૦ના રોજ ટૂંકી બિમારીથી અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

(દિનપ્રતિદિન બનતાં દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યાં શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉક્ટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે?—તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગુંચવાઈને તારા આત્માને શા માટે ગુંગળાવી રહ્યો છે?

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી સમયસાર કળશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ❋ વિશેષ ધાર્મિક કાર્યક્રમ ❋

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અઠ્ઠાવીસમા વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૨૪-૧૧-૨૦૧૦, બુધવારથી કારતક વદ ૭ તા. ૨૮-૧૧-૨૦૧૦, રવિવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

—આ રીતે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્વજ્ઞાનની પવિત્ર ઉપાસના, જિનેન્દ્રપૂજાભક્તિ આદિ અનેકવિધ પ્રસન્ન વાતાવરણથી તથા વિભિન્ન યાત્રીઓના આગમનથી સદૈવ પુલકિત રહે છે. આ બધો ભવ્ય પ્રતાપ તેઓ બંને સંતોના ધર્મોપકારનો છે. અહો! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનો ધર્મોપકારપ્રતાપ!

❋

**રૂા. ૧૧,૦૦૦/— શ્રી કેતનભાઈ કિશોરભાઈ ગોપાણી, પાર્લા તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.**

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# દસમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૬-૧૨-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા નવ વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૬-૧૨-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦ સુધી દસમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનું આયોજન (૧) શ્રીમતી જ્યોતિબેન રમેશચંદ્ર શાહ હસ્તે રૂપાલી, જૈની, વિધિ અને સૌરલ શાહ તથા (૨) શ્રીમતી નિરંજનાબેન મહેન્દ્રભાઈ ડગલી હસ્તે નેહલ, સ્મિત તથા ભાવિન ડગલી, પાર્લા-સાંતાક્રૂઝ (મુંબઈ )ના સૌજન્યથી કરવામાં આવ્યું છે. મુંબઈથી આવવાવાળા શિબિરાર્થીઓ માટે તા. ૨૫-૧૨-૧૦ના રોજ પાવાગઢ સિદ્ધક્ષેત્રની યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સર્વ મુમુક્ષુભાઈઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈ લાભ લેવા અવશ્ય પધારે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સલાલ), કિરીટભાઈ ગોસળિયા (U.S.A.), તથા અન્ય અધ્યાપકો દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ વોરા સ્વ. શ્રી ચીમનભાઈ મોદી શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ અરે પ્રભુ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે? અતીન્દ્રિય આનંદમાં જા! પ્રભુ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે? જન્મ જરા ને રોગ રહિત ભગવાન આત્મા છે ત્યાં જા!—એમ જિનવર, જિનવાણી અને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણ રહિત પ્રભુ છો ત્યાં દૃષ્ટિ દે! તારે જન્મ, જરા, મરણ રહિત થવું હોય તો જન્મ, જરા, મરણ રહિત ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા! ત્યાં દૃષ્ટિ દઈને ઠર! ૫૩૯.

❀ સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હું મોહ-રાગ-દ્વેષ રહિત શુદ્ધ છું. એથી સમ્યગ્દૃષ્ટિને એમ હોતું નથી કે શુભ ને અશુભ બન્ને સરખા છે માટે અશુભ ભલે આવે? સમ્યગ્દૃષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે. ૫૪૦.

❀ અહો! અનંતકાળમાં આ વાત અમે સાંભળી નથી—એમ પ્રસન્ન ચિત્તથી જ્ઞાનસ્વભાવની વાત અંદરથી સાંભળે, રુચિની ગુલાંટ મારીને સાંભળે તેને ભવિષ્યમાં મુક્તિ થવાની જ છે. અહો! એને પક્ષ પાકો થઈ ગયો એ ફરશે જ નહિ. તે જરૂર મોક્ષમાં જાય છે. એને તો આ કાળ ને આ યોગ જ વિશેષ ભાસે છે. ૫૪૧.

❀ શ્રોતા :—ધર્મ કરવામાં આટલી બધી મહેનત કરવી પડતી હશે?

પૂજ્ય ગુરુદેવ :—આમાં મહેનત ક્યાં છે? આ તો સમજણને ફેરવવાની વાત છે.

શ્રોતા :—પણ આમાં વિચારની મહેનત કરવી પડે ને?

પૂજ્ય ગુરુદેવ :—ઈ મહેનત ક્યાં છે? ઈ તો જ્ઞાનની પર્યાય છે, એમાં મહેનત નથી. ૫૪૨.

❀ શ્રોતા :—બે નયોને જાણવાનું કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવ :—જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જાણવા માટે તો બધા નયો કહ્યા છે પણ ધર્મરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્ય સામાન્યદ્રવ્ય છે તે જ આશ્રય કરવાયોગ્ય છે. જાણવાના વિષયમાં આદરવાપણું માની લેતાં દૃષ્ટિની વિપરીતતા થાય છે. ૫૪૩.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૧૦
અંક-૩ ✱ વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## 卐 તાત્પર્ય : વીતરાગતા 卐

પર્યાય પર્યાયથી સ્વતંત્ર જ થાય છે પણ પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ કહેવાય છે. કારણપરમાત્માથી કાર્યપરમાત્મા થાય છે, ત્યાં પર્યાય દ્રવ્ય ઉપર લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ-નિમિત્ત કહેવાય છે. દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યનો આશ્રય પણ કહેવાય. કારણવસ્તુ તો ત્રિકાળ છે પણ એને કારણ ક્યારે કહેવાય?—કે જ્યારે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે ત્રિકાળી દ્રવ્યને કારણ કહેવાય છે. આવી વસ્તુસ્થિતિ છે તેને સમજતાં ખોટું પાણી ઊતરી જાય ને સાચું પાણી ચડી જાય એવી વાત છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયને કરતું નથી, પર્યાય પર્યાયથી થાય છે પણ એ વાત જગતને આકરી પડે તેવી સૂક્ષ્મ છે. પર્યાય પર્યાયથી થાય છે—એ જાણવાનું તાત્પર્ય દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ ને દૃષ્ટિ કરવી તે છે. બધાનો સાર તો પર્યાયને અંતરમાં વાળવી તે છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા દ્રવ્યના આશ્રયે પ્રગટે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor Hiralal Bhikhalal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org